# ભુંડ પકડવાના બહાને નીકળી ચોરીઓ કરતી ગેંગ સક્રીય...!

## રાત્રે ભુંડ પકડવાના બહાને બંધ મકાનની રેકી કરી ચોરીઓ કરતા હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં મનપાના આદેશથી છેલ્લા ૩૦ વર્ષથી ભુંડ પકડતા કરણસિંગ ચિકલીગરે કરેલા આક્ષેપ મુજબ રાત્રિના ૨ થી ૪ વાગ્યા દરમિયાન પિકઅપ ડાલુ તથા ૪૦૭ મીની ટ્રક લઈને ભુંડ પકડવાના બહાને નીકળીને ચોરીઓ કરતી ગેંગ સક્રીય થઈ છે. રાત્રિ દરમિયાન રેકી કરીને ચોરી કરવા ઉપરાંત તક મળે ત્યારે પશુઓ પણ ઉપાડી આ ગેંગ ભાગી જતી હોવાનું કરણસિંગે જણવ્યું છે.

રાત્રિ દરમિયાન વાહનો લઈને ભુંડ પકડવાના બહાને નીકળી પડતી આ ગેંગનો કોઈ વિરોધ કરે તો કરણસિંગ ચિકલીગરના માણસો હોવાનું કહી દે છે. રાત્રિ દરમિયાન આ ગેંગ બંધ મકાનોની રેકી કરીને ઘરફોડ ચોરીઓ ઉપરાંત તક મળે કે તરત ઢોરોની ચોરી પણ કરી લેતા હોવાનો આક્ષેપ કરણસિંગે કર્યો છે. તેમણે અખબારી યાદીમાં જણાવ્યા મુજબ આ ગેંગ ચોરીઓ કરે છે અને બદનામ અમે થઈએ છીએ જેથી આ ગેંગને પકડીને પોલીસ કડક કાર્યવાહી કરે...! જો કે ઉલ્લેખનીય બાબત છે કે ભુંડ પકડતા માણસો વચ્ચે ઘણા વર્ષોથી ગેંગ વૉર જેવો માહોલ સર્જાયેલો છે અને ઘણીવાર હિંસક હુમલાઓ પણ થયેલા છે.

## ઢીંચણનો ઘસારો અટકાવવા ૨૬મીએ ખાસ સેમિનાર

### અમદાવાદના ડૉ. દિનેશ ઠકકર નગરજનોને માર્ગદર્શન આપશે

ઢીંચણનો ઘસારો માણસને અપંગ બનાવે તે પહેલા તેને અટકાવવા તેમજ કુદરતી સાંધો બચાવવા અપાતી સારવાર સંદર્ભે શહેરમાં આગામી રવિવારે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે સવારે ૯.૩૦ કલાકે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્તમાન સમયમાં ઢીંચણના ઘસારાના દર્દીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે ઢીંચણના સાંધાના વા કે ઘસારામાં કુદરતી સાંધો બચાવતી બાબતો અંગે વિસ્તૃત સમજણ અને માર્ગદર્શન પુરું પાડવા શહેરીજનો માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સાંધાના ઘસારાનું ચોકકસ કારણ જાણી શકાયું નથી. પરંતુ ઉંમર વધતા પગ ઢીંચણમાંથી વાંકા વળી જાય છે. જેમાં બંને વિભાગ ઉપર દબાણ આવવાના બદલે એક જ ભાગ પર દબાણ આવતા ગાદી ઘસાઈને નાશ થઈ જાય છે. આથી હાડકા ઘસાતા હરવા ફરવામાં મુશ્કેલી થાય છે. આવા સંજોગોમાં ઘસારો માત્ર એક જ વિભાગમાં હોય ત્યારે એક ઓસ્ટીઓરોમીના નાના ઓપરેશનથી દુખાવાને મટાડી શકાય છે. અમદાવાદના ડૉ. દિનેશ ઠકકર આ સેમિનારમાં નગરજનોને ઢીંચણના કુદરતી સાંધાને બચાવવા અંગે માર્ગદર્શન પુરું પાડશે. આ તબક્કે નગરના અગ્રણી અરૂણ બૂચ ઉપસ્થિત રહેશે. શહેરીજનોને પણ સેમિનારનો લાભ લેવા જણાવાયું છે.

# નદીની કોતરમાંથી મૃત હાલતમાં મળેલી મહિલાનું હત્યા થયાની આશંકા

## મહિલાના મોં માંથી લોહી નીકળેલું હતું : લોહી ભીની માટીના સેમ્પલ એફએસએલમાં લેવાયા : મૃત્યુનું કારણ પોસ્ટમોર્ટમ બાદ પેન્ડીંગ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક રાયસણથી હાથીજણ જવાના માર્ગ પર નદીની કોતરમાંથી રવિવારે બપોરના અરસામાં રહસ્યમય સંજોગોમાં મળી આવેલી મૃત મહિલાનું મર્ડર થયું હોવાની આશંકા વર્તાઈ રહી છે. પેનલ ડોકટરથી પોલીસે પોસ્ટમોર્ટમ કરાવી વિશેરા એફએસએલમાં મોકલી આપ્યા છે. મહિલાની હત્યા થઈ છે કે કેમ? રેપ વિથ મર્ડર છે કે શું? તે સહીતની તમામ વિગતો એફએસએલ ને પોસ્ટ મોર્ટમના રીપોર્ટ બાદ બહાર આવશે. ઉલ્લેખનીય છે કે મહિલાનો મૃતદેહ જયાં કોતરોમાં પડયો હતો તે જગ્યાએ માટીમાં લોહીના ડાઘ મળી આવ્યા હતા અને મહિલાના મોં માંથી પણ લોહી નીકળેલું હતું. તમામ રીપોર્ટ આવ્યા બાદ રહસ્યમય ગુનાનો પર્દાફાશ થશે. અડાલજ પોલીસ ઉપરોકત તમામ દિશામાં તપાસ ચલાવી રહી છે.

રવિવારે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં રાયસણ પાસે નદીની કોતરમાંથી પસાર થતા ગામના સરપંચ બેચરજી ઠાકોરે કોતરમાં મૃત હાલતમાં પડેલી મહિલાની લાશ જોઈને પોલીસને બોલાવી લીધી હતી. આ મહિલા ૪૫ વર્ષની મઘીબેન કાનાજી ઠાકોર હોવાનું ખુલ્યું હતું. મૃતક વિધવા મહિલાને સંતાનમાં એક દિકરી છે. રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં કોતરમાંથી મળી આવેલી મહિલાનું મોતનું રહસ્ય હજુ ઘુંટાતું જાય છે. મઘીબેનના મોં માંથી લોહી નીકળેલું હતું. લોહી ભીની માટીના સેમ્પલ લઈ એફએસએલને મોકલી અપાયા છે. પેનલ ડોકટરથી મૃતક મહિલાનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું છે અને વિશેરા લેવામાં આવ્યા છે પરંતુ કોઝ ઓફ ડેથ હજુ એફએસએલના રીપોર્ટ આવે ત્યાં સુધી પેન્ડીંગ રાખવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. મહિલાનું રેપ વિથ મર્ડર છે કે મર્ડર ? અથવા નેચરલ ડેથ છે તે રીપોર્ટ બાદ બહાર આવશે. આ રહસ્યમય ગુનાની તપાસ અડાલજ પીએસઆઈ રાઠવા ચલાવી રહ્યા છે.

## ચિત્રોના જાદુગર કે. એલ. જોષીએ ઉમિયા માતાનું ચિત્ર ઉમિયા સંસ્થાનમાં આપ્યું


ઊંઝાનાં ઉમિયા માતા

રાષ્ટ્રપતિના હસ્તે જેમનું સન્માન થયું છે અને ત્રણ ત્રણ ગોલ્ડ મેડલ મેળવી ચિત્રકળાની ઉત્તમ સિદ્ધિને જે પામી ચૂકયા છે એવા ગાંધીનગરના જ વડીલ કૃષ્ણકાંત લક્ષ્મીશંકર જોષી આજે પણ હાથની આંગળીઓની જાદુગરીથી સુંદર ચિત્રો દોરી આત્મસંતોષ અને જીવનના આનંદને ભરપૂર માણી રહ્યા છે. ૮૦ વર્ષના આ વડીલે તાજેતરમાં જ ઊંઝાના ઉમિયા માતાનું ચિત્ર શ્રી ઉમિયા માતાજીના દશમા પાટોત્સવમાં ઉમિયા મંદિર, સે-૧૨માં સપ્રેમ આપી જાણે જગત જનનીના સહૃદય આશીર્વાદ મેળવ્યા!

કલાની દુનિયામાં માત્ર દશ વર્ષની વયે ડોકીયુંકરનાર વડીલ કે.એલ. જોષી આજે કલાના શિરમોર બની ચૂકયા છે. તેમના ચિત્રો વાપીના જૈન મંદિરમાં, ડાકોરના પ્રસિદ્ધ રણછોડરાયજી મંદિરમાં હાલ પણ તેમની કલાનો જાદુ પાથરી રહ્યા છે. તેમણે રાજપુત, મોગલ પેઈન્ટીંગ સહિતના અનેક ચિત્રો દોર્યા છે. અનેક પારિતોષિક અને મેડલો મેળવ્યા છે. છતાં આજેય પણ એક આમ આદમીની જિંદગી જીવી રહ્યા છે અને કલાની સાધના કરી રહ્યા છે.

# અરજદારોને ત્રણ મહીના પછી પણ રીન્યુઅલ લાયસન્સ મળ્યું નથી!

## આર.ટી.ઓ. અને પોસ્ટ કચેરી એકબીજાને ખો આપે છે : લાયસન્સ ગુમ થાય તે માટે જવાબદાર કોણ : અરજદારની મુંઝવણ

ગાંધીનગર, તા.૨૩

આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ રીન્યુ કરવા માટે અરજીના ત્રણ મહીના બાદ પણ અરજદારોને લાયસન્સ ન મળ્યું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જયારે આર.ટી.ઓ. તેમજ પોસ્ટ કચેરી એકબીજા પર દોષનો ટોપલો ઢોળતા અજદારોને મુંઝવણમાં મુકાવું પડે તેવો કીસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સે-૩-ડીમાં પ્લોટ નં. ૧૦૯૯/૨માં રહેતા પોપટલાલ એચ. પ્રજાપતિએ પોતાનું લાયસન્સ રીન્યુ કરવા માટે ગત તા. ૬ માર્ચના રોજ આર.ટી.ઓ. કચેરીમાં અરજી કરી હતી જયારે ત્રણ મહીનાના અંતે પણ તેમને રીન્યુ લાયસન્સ ન મળતા તેમણે આર.ટી.ઓ. કચેરીમાં પુછતાછ કરી હતી. આ વેળાએ તેમને લાયસન્સ પોસ્ટ કચેરી મારફતે મોકલાવી દીધું હોવાનું જણાવાયું હતું જયારે પોસ્ટ કચેરી કક્ષાએથી આવું કોઈ લાયસન્સ મળ્યું ન હોવાનો પ્રતિસાદ મળ્યો હતો. પોતાનું લાયસન્સ રીન્યુ કરવા માટે છેલ્લા ત્રણ મહિનાથી આર.ટી.ઓ. કચેરીમાં ધક્કા ખાતા અરજદારને હજુ સુધી લાયસન્સનો પત્તો મળ્યો નથી જયારે આર.ટી.ઓ. કે પોસ્ટ કચેરી બંનેમાંથી એક પણ આ અંગે જવાબદારી લેવા તૈયાર નથી. ત્યારે આ મામલે રીન્યુઅલ લાયસન્સની વાટે બેઠેલા અરજદારે મુંઝવણભરી સ્થિતિમાં મુકાવવાનો વારો આવ્યો છે.

# બોગસ એજન્સીની પાવતી આપીને ચુનો લગાડતી નવી ગેંગ સક્રીય

## સસ્તા ભાવે નકલી કોસ્મેટીક ચિજવસ્તુઓ પધરાવી દીધા બાદ માલ ન વેચાય તો પાછો લઈ જવાનું કહીને છેતરપીંડી કરતી ગેંગથી સાવધાન..! : પેથાપુરના વેપારી લુટાયા : છ જિલ્લાની એજન્સીના સરનામા પણ બોગસ...!

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં નકલી કોસ્મેટીક ચિજવસ્તુઓ માલ ન વેચાય તો પાછો આપી દેવાની શરત કરીને દુકાનદારોને પધરાવી દઈ તેની બોગસ એજન્સીની પાવતી પકડાવી છેતરપીંડી કરી જતી ગેંગ ગાંધીનગરમાં સક્રિય થઈ છે. અડધો માલ ઉતારી દઈ બીજો માલ હમણા આપવા આવું છું કહી રૂપિયા લઈને આ ગેંગ હળવેથી સરકી જઈ ગાયબ થઈ જાય છે. ગાંધીનગર નજીકના પેથાપુર ગામના બે દુકાનદારો આ નવી સક્રિય થયેલી ગેંગનો ભોગ બની ચુકયા છે. જો કે આ બનાવ અંગે હજુ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી. ચિજવસ્તુ વેચ્યા અનુસંધાને જે પાવતી આપવામાં આવે છે તેમાં છ જિલ્લાઓની એજન્સીના સરનામા આપવામાં આવ્યા છે જે તમામ સરનામા ખોટા હોવાનું પણ જાણવા મળ્યું છે. પોલીસ જો આ કેસમાં તપાસ શરૂ કરે અને લે-ભાગુ સેલ્સમેનોને સત્વરે ઝડપી પાડે તો કેટલાય નિર્દોષ વેપારીઓ ચીટીંગનો ભોગ બનતા બચી જાય તેમ છે.

મળતી માહિતી મુજબ ઉમિયા સેલ્સ એજન્સીના બોગસ ઓર્ડર ફોર્મ પર ક્રીમ, શેમ્પુ, હેરડાઈ, તેલ, સ્કીન ક્રીમ, બોડી ક્રીમ સહિતની વિવિધ કોસ્મેટીકસને લગતી બોગસ પ્રોડક્ટ્સ વેચતી એક ગેંગ સક્રીય થઈ છે. મહેસાણા, હિંમતનગર, ગાંધીનગર, પાટણ, ડિસા અને પાલનપુર મળીને કુલ છ જિલ્લામાં પોતાની એજન્સીનું સરનામુ ઓર્ડર ફોર્મ પર દર્શાવેલુ છે. આ ગેંગના માણસો કોઈ પણ એક દુકાનદારને ટાર્ગેટ બનાવીને તેને પોતાની પ્રોડક્ટ વેચે છે. સસ્તી કિંમતે નકલી પ્રોડક્ટ આપીને પુરા રૂપિયા લઈ લીધા બાદ અડધો માલ થોડીવારમાં આપી જવું છું, તમે ત્યાં સુધી આ માલ ગોઠવી દો...! તમારો ફોટો પાડવાનો છે એજન્સીમાં આપવા માટે...! બિન્દાસ્ત માલ ખરીદો, જો ન વેચાય તો માલ પાછો લઈ લેવાની લેખીત ગેરન્ટી આપુ છુ. તેમ કહીને દુકાનદારને ભોળવી દઈ લે-બાગુ સેલ્સમેન રૂપિયા પડાવી રફુચક્કર થઈ જાય છે. સરનામાની તપાસ કરતાં તેવા કોઈ સરનામા કે એજન્સી જ ન હોવાનું ધ્યાને આવ્યું છે. લોભામણી સ્કીમ દુકાનદારને સમજાવતા ગેંગ તેમ પણ કહેતા કે આ સ્ટોક તમારે ડીસ્પ્લેમાં રાખવાનો છે. ત્રણ દિવસ સુધી ડીસ્પ્લેમાં રાખ્યા બાદ પૈસા પાછા આપવામાં આવશે અને જે ગીફટ તેમજ સ્કીમ આપવામાં આવી હોય તે દુકાનદારની જ રહેશે. જેનાથી દુકાનદારો લલચાઈ જઈને માલ ખરીદી લે છે. અને આ ગેંગ અડધો માલ પધરાવી ફરાર થઈ જાય છે. પેથાપુર ગામના બે વેપારીઓ આ ગેંગનો ભોગ બની ચુક્યો છે. જેમાં જય જલારામ પાર્લરનો પણ સમાવેશ થાય છે. જો કે આ અંગે હજુ સુધી પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

## ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીના બોર્ડના સભ્યો નિમાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિ.ની પ્રથમ બોર્ડ ઓફ ડિરેકટર્સની ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના કાર્યાલયે બેઠક મળી હતી. બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની રચના કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીમાં ચારેય તાલુકાના તથા ગાંધીનગર શહેરના પ્રતિષ્ઠિત સહકારી અગ્રણીઓ સાથે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની રચના કરવામાં આવી હતી. અડાલજના લાલભાઈ પટેલની ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી. જાખોરાના કોદરભાઈ પટેલની વાઈસ ચેરમેન તરીકે તથા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલની મેનેજીંગ ડિરેક્ટર તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં એક્ઝિ કમિટીની નિમણૂંક કરવામાં આવી હતી. તેમજ મંડળીમાં લેવાતી રીકીરીંગની રકમ અને ધીરાણ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

## ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં છેલ્લા ૧૭ વર્ષોથી જાગૃત નાગરિક પરિષદ સંસ્થા નાગરિકોના પ્રાણપ્રશ્નોની રજૂઆત સંદર્ભે વહીવટી અને પ્રજા વચ્ચે સેતુરૂપ બનવા પ્રયત્નશીલ રહી છે ત્યારે વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૫ એમ બે વર્ષ માટે સંસ્થાની નવી કારોબારી અને હોદ્દેદારોની નિમણૂંક થઈ છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના કાર્યકારી પ્રમુખ તરીકે જયોતીન્દ્રભાઈ દવે, ઉપપ્રમુખ અને પ્રવકતા તરીકે ભાનુપ્રસાદ પુરાણી, રાજેન્દ્રભાઈ પારેખ, ભાનુકાન્તભાઈ પરમાર, મૂળજીભાઈ પરમાર મંત્રી તરીકે જે.જે. ત્રિવેદી, ડાહ્યાભાઈ ગાંધી, સહમંત્રી તરીકે રમણલાલ શ્રીમાળી, સોમાભાઈ પરમાર, સંગઠન મંત્રી તરીકે હસમુખભાઈ ઠાકર અને કોષાધ્યક્ષ તરીકે બી.આર. વશીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# દહેગામ ટાઉન પોલીસ ચોકી સામે એસ.ટી. ચાલક દ્વારા અલ્ટો કારને ધડાકાભેર ઠોકી

દહેગામ, તા.૨૩

દહેગામ ટાઉન પોલીસ ચોકી સામે જ બબ્બે બનાવ બન્યા અને જે અલ્ટો કારનો બનાવ બનેલ આગળના દિવસે ટાઉન પોલીસ ચોકી સામે અલ્ટો કારમાં આગ લાગી અને બીજા દીવસે ટાઉન પોલીસ ચોકી સામે જ માર્ગ પર જતી અલ્ટો કારને પાછળથી એસ.ટી. બસ જી.જે. ૧૮ વાય. ૭૦ ના બસ ચાલક દ્વારા આગળ જતી અલ્ટોકારના ચાલક દ્વારા બ્રેક મારતાં પાછળ આવતી અમદાવાદ-તલોદના બસ ડ્રાઈવર દ્વારા અલ્ટો કારને ધડાકા સાથે ઠોકી હતી પરંતુ અંદર બેઠેલા કોઈને ઈજા પહોંચી ન હતી જયારે બસના મુસાફરો એકદમ દરવાજો ખોલી ગભરાઈને નીચે ઉતરી આવ્યા હતાં. સળંગ બે દિવસના સમયગાળા દરમિયાન એક જ સમયે એક જ જગ્યાએ બે બનાવ બનતાં જાહેર જનતાના મુખે એવું ચર્ચાતું હતું કે ચોકી પર મોટો યજ્ઞ કરાવવો જોઈએ નહિંતર ટુંકા સમયગાળામાં આ સ્થળે કોઈ મોટો બનાવ બને તેવી શકયતાઓ વર્તાઈ રહી છે. બનાવ સમયે એક પણ પોલીસ કર્મી સ્થળ પર હાજર ન હોવાથી જાહેર જનતા તરહ તરહની વાતો કરતી હતી.


(તસવીર : નિખિલ શાસ્ત્રી, દહેગામ)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૨૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડૉરેમોન (હિન્દી) : ૯.૪૫, ૨.૦૦, ૬.૧૫
ઈસક્યુ ઈન પેરીસ : ૧૨.૦૦, ૪.૧૫, ૧૧.૦૦
હમ હૈ રૈહી કાર કે : ૮.૩૦

: સ્ક્રીન-૨ :
ગો ગોઆ ગોને : ૯.૦૦
ફસ્ટ એન્ડ ફુરીઓસ-૬ (હિન્દી) : ૧૧.૧૫
આશિકી-૨ : ૨.૦૦, ૭.૩૦
ઔરંગજેબ : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ફસ્ટ એન્ડ ફુરીઓસ-૬ (હિન્દી) : ૯.૦૦, ૫.૦૦, ૧૦.૧૫
ઔરંગજેબ : ૧૨.૦૦
ગો ગોઆ ગોને : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૪ :
ફસ્ટ એન્ડ ફુરીઓસ-૬ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ફસ્ટ એન્ડ ફુરીઓસ-૬ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
ઈશ્ક ઈન પેરીસ : ૧૦.૦૦, ૩.૦૦
જિંદગી ૫૦-૫૦ : ૧૨.૩૦, ૫.૩૦
આશિકી- ૨ : ૭.૧૫, ૧૦.૦૦

### ચિરાગ, કલોલ

રફતાર કા ઝનૂન - ૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન અને ધાર્મિક કાર્યો થઈ શકે છે. કુટુંબીજનનો સાથ-સહકાર મળી રહેશે.

**વૃષભ** : દિવસ પ્રગતિકારક યોગ બનાવશે. બુદ્ધિ, તર્ક અને વિચાર શક્તિનો સદુપયોગ તમારા જીવનમાં સકારાત્મક પરિણામ પ્રદાન કરશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

**કર્ક** : આજીવિકાના ક્ષેત્રમાં પ્રગતિની તકને કારણે આર્થિક રોકાણ વધશે. પરિજનોનો અનુકૂળ સ્વભાવ તમને પ્રસન્નતા પ્રદાન કરશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચિ વધશે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યપાર- વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : કાર્યમાં મિત્રો, સંબંધીઓનો સહયોગ મળશે. પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંપર્ક બનશે, જે તમને પ્રગતિ પ્રદાન કરવામાં સહાયક થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**તુલા** : બધી દિશાથી શ્રેષ્ઠ પરિણામ આવશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાન કારક થઈ શકે છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : કાર્ય સફળતાને કારણે તમારા યશ અને સંબંધોમાં વધારો થશે. ગૃહસ્થ જીવનનો પૂર્ણ સહયોગ મળી શકશે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : શત્રુઓ પર વિજયકારક યોગ. તમને યશ અને સમ્માન અપાવશે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : વ્યાપારક્ષેત્રમાંનવા આયોજનો થઈ શકશે. નવા સંબંધો બંધાશે.કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

## ચિરવિદાય

- સ્વ. જેઠીબેન પોપટભાઈ જાદવ (ઉ.વ. ૬૦) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નરેન્દ્રસિંહ રમણભાઈ સોલંકી (ઉ.વ. ૧૪) મુ.પો. ડભોડા (આનંદપુરા), તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કમળાબેન ભાયલાલભાઈ પટેલ (ઉ.વ. ૭૯) પ્લોટ નં. ૪૩૦/૩, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. વંદનાબેન શ્રીકાંતભાઈ જોશી (ઉ.વ. ૮૩) પ્લોટ નં. ૪૦૨, આયુર્વેદિક દવાખાનાની સામે, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. ભીખીબેન સતુજી વાઘેલા(ઉ.વ. ૫૫) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.